# ઉચ્ચતર માધ્યમિક વિભાગના એન્ટ્રીલેવલ પે સ્કેલવાળા શિક્ષકો સાતમાં પગાર પંચથી વંચિત

પ્રાંતિજ, તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા સાતમાં પગાર પંચથી વંચિત રહેતા ઉપલા લેવલ સુધી રજુઆતો કરાઈ લાભ મળે તે માટે શિક્ષકોની માંગણી હતી.

જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને સાતમાં પગાર પંચનો લાભ ના મળતાં સંઘના પ્રમુખ અજીતભાઈ પટેલ દ્વારા જણાવા મલ્યુ છે કે સરકાર દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ કર્મચારીઓને સાતમાં પગાર પંચનો લાભ આપવાની જોહેરાત થઈ છે. જે અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એનેક્ષર કાઢવાની કાર્યવાહી ચાલુ છે. જેમાં જી.પી.એફ તથા સી.પી.એફ ધરાવતાં કર્મચારીઓના એનેક્ષર નીકળી ગયેલ છે પરંતુ સી.પી.એફ ધરાવતાં એન્ટ્રી લેવલ પેસ્કેલ (૧૦,૮૧૦)વાળા કર્મચારીઓના એનેક્ષર કાઢવાની કાર્યવાહી થઈ નથી. આથી આવા એન્ટ્રી લેવલ પે વાળા કર્મચારીઓમાં અસમંજસ પેદા થઈ છે. આવા કર્મચારીઓના એનેક્ષર ઝડપથી કાઢીને સાતમાં પગાર પંચનો લાભ અપાય તેવી માંગ ઉઠી છે. તેવુ સંઘના પ્રમુખ અજીતભાઈ પટેલ દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મોડાસા વિહપના પ્રમુખપદે સંજય ભાવસાર

મોડાસા, તા. ૧૬



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના પ્રમુખપદે ઉત્સાહી યુવાન સંજયકુમાર ભાવસારની વરણી થતાં સમગ્ર નગરમાંથી લોકોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# શિણાવાડ કેળવણી મંડળના સભ્યો દ્વારા વાલ્મિકી સમાજના પરિવાર પર વિવાદિત જમીન મુદ્દે હુમલો

શિણાવાડ, તા. ૧૬

શિણાવાડ કેળવણી મંડળના સભ્યો દ્વારા વાલ્મિકી સમાજના એક પરિવાર દ્વારા ૧૯૪૮થી ગણોતિયા તરીકે મળેલી જમીન વાવતા હતા ત્યારે ૨ દિવસ પહેલા આ જમીન પર શિણાવાડ કેળવણી મંડળ દ્વારા ગેરકાયદેસર મંડળી રચી વાલ્મિકી પરિવારપર હૂમલો કરી જાતિવિષયક અપમાનિત શબ્દો બોલી ટ્રેક્ટર દ્વારા એક શખ્સ દ્વારા વાલ્મિકી યુવાન અને તેના પરિવારને જાનથી મારી નાખવાની અને કચડી નાખવાનો પ્રયાસ થતા એકાએક હૂમલાથી ફફડી ઉઠેલા વાલ્મિકી પરિવાર દ્વારા ન્યાય મેળવવા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ૧૧ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના શિણાવાડ ગામે છેલ્લા ૪ દિવસથી શિણાવાડ કેળવણી મંડળ અને વાલ્મિકી સમાજ વચ્ચે વિવાદિત જમીન મુદ્દે ભારે ધમાસાણ મચી હતી. પોલીસ બંદોબસ્ત સાથે વાલ્મિકી પરિવાર જ્યાં ૧૯૪૮થી ખેતી કરી વસવાટ કરે છે તેને હટાવી કબ્જો મેળવા પ્રયાશ કરતા ધમાસાણ મચી ગયી હતી અને વાલ્મિકી પરિવાર સામે બે મહિલા કોન્સ્ટેબલ પર હૂમલો કરવામાં આવ્યો હોવાની અને કેળવણી મંડળના સભ્યોને મારી નાખવાની ધમકી અપાતી હોવાની ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં વાલ્મિકી સમાજના ૧૪ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાયી હતી.

બીજી બાજુ સુનિલકુમાર મોહનભાઈ મકવાણાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં શિણાવાડ કેળવણી મંડળના વહીવટકર્તા બાબુભાઈ પુંજાભાઈ પટેલ, ચુનીભાઈ ગોરધનભાઈ શાહ, ડાહ્યાભાઈ રામાભાઈ પટેલ, મનુભાઈ ભૂલાભાઈ પટેલ, વિનુભાઈ ખુમાભાઈ પટેલ, અતુલભાઈ નટુભાઈ શાહ, અરવિંદભાઈ.કે. પટેલ (રિલવાડા), મેઘરજ), મોહનભાઈ શંકરભાઈ પ્રજાપતિ, કનુભાઈ શામળભાઈ પટેલ, જેઠાભાઈ છગનભાઈ પટેલ, મૌલિકભાઈ બાબુભાઈ પટેલ, અન્ય ૧૦ શખ્સો રહે. શિણાવાડ વિરુદ્ધ તેમના વડીલો પાર્જીત શિણાવાડ ગામની સીમની જુના સર્વે નં-૯૯૫/ ૨ તથા ૮૩૮/૨ વાળી વિવાદિત જમીનની અદાવત રાખી ગુનાહિત કાવતરૂ રચી એકસંપ થયી ગેરકાયદેસર મંડળી રચી સુનિલકુમાર મોહનભાઈ મકવાણા તથા સાહેદોને મા-બેન સામે ગાળો બોલી જાતિ વિષયક અપમાનિત કરતા શબ્દો બોલી ગડદાપાટુનો માર મારી કૈલાશબેન કાળાભાઈ ઝગડામાં ખેંચતાણ કરી સોનાની બુટ્ટી પડી દઈ મૌલિકભાઈ બાબુભાઈ પટેલે નંબર વગરનું ટ્રેક્ટર લાવી સુનિલભાઈ,પરિવારજનોને કચડી નાખવાનો પ્રયત્ન કરતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન સુનિલભાઈ મકવાણાએ ૧૧ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# આરટીઓ દ્વારા સ્કૂલવાનને મેમો આપતા સ્કૂલવાન ચાલકોની હડતાલ

બાયડ, તા. ૧૬

બાયડમાં બે દિવસ અગાઉ આરટીઓ દ્વારા ક્ષમતા કરતા વધારે બાળકોને લઈ જતા વાહનોને મેમો મોટા હપ્તા લે છે. એ હવે જગજાહેર છે. ત્યારે સ્કૂલવાનોને મેમાં આપીને ખાનગી વાહનોને બાકાત રાખવા એ ઠીક નથી એમ લોકમત બન્યો છે. હતું. અને સાથે જ જણાવ્યું હતું કે આ વાહનો ધંધાદારી આશયથી નથી ચલાવાતા પરંતુ ગામડાના બાળકો શિક્ષણ માટે સમયસર શાળાએ



અપાયા હતા. ક્ષમતા કરતા વધારે બાળકોને લઈ જતા વાહનોને કારણે ઘણી જગ્યાએ મોટી દૂર્ઘટનાઓ બની છે એટલે આરટીઓની કામગીરી બિરદાવા યોગ્ય તો ગણાય જ પરંતુ ઘેટા બકરાની જેમ મુસાફરો ઠાંસીને લઈ જતા ખાનગી વાહનોને મેમા ન અપાતા મોટા હપ્તાની ચૂકવણી થયાનું સંભળાય છે. જીલ્લામાં ખાનગી વાહનચાલકો પાસેથી અને ઓવર લોડ ગાડીઓવાળાઓ પાસેથી ઐરટા

બાયડ શિક્ષણનું કેન્દ્ર હોઈ આજુબાજુનાં ગામડામાંથી વિદ્યાર્થીઓ બાયડ અભ્યાસ માટે આવતા હોય છે. બસોની સગવડ ન હોવાથી ખાનગી વાહનો ઉપર જ આધાર રાખવો પડતો હોય છે. તેથી સ્કૂલવાન ચાલકોની હડતાલથી બાળકોને અને વાલીઓને ખૂબ જ અગવડતા પડી હતી. એ મુદે આજે વાલીઓએ પ્રાંત અધિકારને આવેદન પત્ર આપીને પોતાનું સમર્થન સ્કૂલવાન ચાલકોને આપ્યું પહોંચે એ માટે વાલીઓ દ્વારા જ ભેગા મળીને આવા વાહનોનું આયોજન કરાતું હોય છે જેથી આવા વાહનોને ધંધાદારી આશય સાથે ન જોડવા જોઈએ. સ્કૂલવાનમાં ક્ષમતા કરતા વધારે બાળકો ન બેસે એ પણ જરૂરી જ છે ત્યારે આરટીઓ દ્વારા પાંચ જ બાળકોને બેસાડવાનો આદેશ હાસ્યાસ્પદ હોવાનો પણ વાલીઓનો મત હતો. પ્રાંત કલેક્ટરને આવેદન આપી વાલીઓએ ત્વરિત નિર્ણય કરાવવા માંગ કરી હતી.

## પંચનું તેડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિલ્હીની સમીક્ષા બેઠક માટેની પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

રાજ્યમાં ૨૫મી સપ્ટેમ્બરના રોજ મતદારયાદીની પૂરવણી યાદી જાહેર થવાની છે જે ઉલ્લેખનીય છે.

આ બેઠકને લઈ રાજકીય વર્તુળો એવુ અનુમાન લગાવી રહ્યા છે કે રાજ્યમાં વહેલી ચૂંટણી આવશે. જો કે ચૂંટણી સમયસર યોજાશે તેમ મનાઈ રહ્યું છે અને આ અંગેની જાહેરાત પણ ઓક્ટો.માં દિપાવલીના પર્વો પછી તુરત જ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## જવાબદારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં કુંવરજી બાવળિયાને સૌરાષ્ટ્ર કચ્છની જવાબદારી સોંપવામાં આવી છે.

જયારે યુવા ધારાસભ્ય પરેશ ધાનાણીને ઉત્તર ગુજરાતની જવાબદારી સોંપવામાં આવી છે. કરસનદાસ સોનેરીને મધ્ય ગુજરાતની અને તુષાર ચૌધરીને દક્ષિણ ગુજરાતની જવાબદારી સોંપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તુષાર ચૌધરી યુવા નેતા છે તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી પણ છે. તેઓને દક્ષિણ ગુજરાતના હોઈ તેમને દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભા ચૂંટણીની તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી છે.

## સક્ષમ માનવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે કહ્યુ હતુ કે એસેસમેન્ટ એ થર્ડ પાર્ટી થશે. શિક્ષણ વિભાગ સિવાયના અધિકારીઓ આ સર્વે કરશે. મલ્ટીપલ ચોઈસ સાથેનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીને અપાશે. સર્વેની કામગીરી સંપન્ન થયાના ૧૫ જ દિવસમાં તેનુ પરિણામ જાહેર કરવામાં આવશે.

પરિણામ આવ્યા પછી ત્રણ તબક્કે ઉપચારાત્મક પ્રયાસો કરાશે. જેમાં ક્યાંક બાળકને શિક્ષણમાં શુ ખુટે છે ? જે પ્રથમ પગથિયુ છે આ પછી પાઠ્યક્રમમાં સુધારા જરૂરી છે કે કેમ તેવા બીજા તબક્કાનો ઉપચાર અને ત્રીજો શિક્ષક માટે જે ભણાવવાની પદ્ધતિ છે તેમાં બદલાવ જરૂરી છે તે તમામ પાસાંઓ પર વિચારણા કરવામાં આવશે અને આગળ વધવામાં આવશે.

ધો. ૩ અને ૫ના બાળકો માટે ૪૫ માર્કસનું એસેસમેન્ટ સર્વે કરવામાં આવશે તો ધો. ૮માં તે ૬૦ માર્કસનું હશે.

સુશ્રી ભાદુરીએ જણાવ્યુ હતુ કે બાળકને પુસ્તક આધારિત નહિ પણ જ્ઞાન આધારિત બનાવવાનો મુખ્ય હેતુ આ એસેસમેન્ટ સર્વેનો છે. પડકાર મોટો જરૂર છે પણ અમને વિશ્વાસ છે કે અમે તેમાં ખરા ઉતરીશુ. તેમણે કહ્યુ હતુ કે ગુજરાતના ગુણોત્સવ મોડેલથી અમારો આ સર્વે થોડોક જુદા પ્રકારનો છે. ગુણોત્સવમાં આંતર માળખાકીય સુવિધાઓ સહિતની બાબતોનો સમાવેશ કરાયો છે જે આમાં નથી.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ સર્વેનું મોનીટરીંગ કરવામાં આવશે. આ માટે અમે ડિસ્ટ્રીક્ટ કોર્ડીનેટર્સને તાલિમબદ્ધ કર્યા છે હવે દરેક જિલ્લામાં તેઓ શિક્ષકોને તાલિમ આપશે.

એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે આડકતરો એકરાર પણ કર્યો હતો કે જરૂર પડ્યે પ્રા. શિક્ષણની હાલની પદ્ધતિ જે છે તેમાં સુધારા કરવા જરૂરી જણાશે તો તે પણ કરવામાં આવશે.

ઈન્દ્રાણી ભાદુરીએ જણાવ્યુ હતુ કે બાળકમાં ભણવાની ક્ષમતા સમજ જ્ઞાન અને ઉપયોજન સમસ્યા ઉકેલ, જેવા કૌશલ્યોમાં વધારો થાય એ જ લક્ષ્ય સાથે અમે આગળ વધી રહ્યા છીએ. જેથી બાળક ભવિષ્યમાં તેના જ્ઞાનને આધારે પડકારને પહોંચી શકે.

બે દિવસીય વર્કશોપનું આજે ગાંધીનગરમાં સમાપન થયુ છે. ગઈકાલે માનવસંશાધન મંત્રાલયના અધિક સચિવ સુશ્રી અનીતા કરવાલ આખો દિવસ આ વર્કશોપમાં હાજર રહ્યા હતા.

## નર્મદા ડેમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યકરો ગોઠવાઈ ગયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે થોડાક મહિના બાકી રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપ બંધ પ્રોજેક્ટને મોટા મુદ્દા તરીકે ચમકાવવા માટે તૈયાર છે. અમદાવાદથી આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે યોજાનાર કાર્યક્રમને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નર્મદા યોજનાનું કામ પૂર્ણ થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે નર્મદા ડેમને રાષ્ટ્રને અર્પણ કરનાર છે. તેમના કાર્યક્રમને અનુલક્ષી નર્મદા ડેમ તથા આજુબાજુના વિસ્તારને અભેદ કિલ્લામાં ફેરવી દેવાયો છે. ૨૫૦૦થી વધારે જવાનોનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રીઓ તેમજ અન્ય એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહેવાના છે.

# પ્રાંતિજના સલાલ પાસે વહેલી સવારે કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાનાં સલાલ પાસે વહેલી સવારે નેશનલ હાઈવે આઠ ઉપર ફુલ ફાસ્ટ આવતી કારે રોડ ક્રોસ કરતાં ટ્રેક્ટરને ટક્કર મારતાં ટ્રેક્ટર ટ્રોલી સાથે પલ્ટી ખાઈ રોડી હતો તે સમયે હિંમતનગર તરફથી ફુલ ફાસ્ટ આવતી સીફ્ટ કાર નંબર- જીજે૨૭એએચ.૧૦૫૫નો ચાલક બેકાળજી ગફલતભરી રીતે કાર હંકારીને લાવી રોડ ક્રોસ કરતું ટ્રેક્ટરને ટક્કર મારતાં ટ્રેક્ટર રોડની સાઈડમાં



સાઈડમાં પડયું હતુ.

મળતી માહિતી મુજબ અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના સલાલ પાસે લહેલી સવારે ટ્રેક્ટર નંબર- જીજે૦૯.બીડી.૦૭૪૦નો ચાલક ટ્રેક્ટર ટ્રોલી સાથે રોડ ક્રોસ કરી રહ્યો ટ્રેલર સાથે પલ્ટી ખાઈ ગયું હતું. જયારે કારચાલક અકસ્માત સર્જીને કાર મુકીને ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. જયારે અકસ્માત વહેલી સવારે થતાં ચોકડી ઉપર આજુબાજુમાં કોઈ ના હોવાથી મોટી જાનહાની ટળી હતી.

# ધાનેરા તાલુકાના સામરવાડા ગામે તાલુકા કક્ષાનો પશુપાલન શિબિરનું ભવ્ય આયોજન

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા તાલુકા ના સામરવાડા ગામે તાલુકા કક્ષાનો પશુપાલન શિબિર નુંઆયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોંગ્રેસ કક્ષાનો પશુપાલન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતો ને પશુઓ ના આરોગ્ય વિષે ની માહિતી આપી હતી અને વધુમાં




ભાજપ ના અગ્રણીઓ સહીયત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા.

ધાનેરા ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ ભાજપ અગ્રણી વસંતભાઈ પુરોહિત પશુપાલક નિયામક એસ વી ઉપાધ્યક્ષ તથા પશુ ડોક્ટરો હાજર ની હાજરી માં ધાનેરા તાલુકા ના સામરવાડા ગામે તાલુકા પશુ ઉછેર અને પશુ માટે સરકાર તરફ થી મળતા વિવિધ લાભો ની પશુપાલકોને માહિતગાર કાર્ય હતા સામરવાડા ગામના ડેપ્યુટી સરપંચ અમથુભાઈ ઘટાડ તેમજ ગામના તમામ અગ્રણીઓ સહીત મોર્ટી સંખ્યા માં લોકોએ હાજર રહી આ શિબિર ને સફળ બનાવી હતી.

## પ્રસંગસર

● ૪ પાનાનું ચાલુ...

વધુ સંશોધનો પછી, બંધસ્થળ લગભગ ૧૨ કિ.મી. ઉપરવાસમાં કેવડિયા પાસે ખસેડવામાં આવ્યું. આમ સાચું જોઈએ તો બંધસ્થળ પણ તે નથી, યોજના પણ નથી અને આખું આયોજન પણ બદલાઈ ગયું છે. તેથી હાલની યોજનાનો પાયો ૧૯૬૧માં પંડિત નહેરુએ નાખ્યો હતો તેમ કહેવું કેમ તે એક પ્રશ્ન છે. બંધ માટેની પર્યાવરણને લગતી મંજૂરી વર્ષ ૧૯૮૭માં મળી અને ત્યાર પછી તેના નિર્માણ માટેની આવશ્યક પ્રવૃત્તિઓ શરુ થઈ. આમ હાલના સ્વરુપનો બંધ ગુજરાતને માટે મેળવી આપવામાં સ્વ. ડૉ. સી.સી. પટેલ, સ્વ. પી.એ. રાજ, એડવોકેટ જનરલ સ્વ. જે.એમ. ઠાકોર અને એ ત્રણેયને સહાય કરનારા સંખ્યાબંધ કુશળ ઈજનેરો, વૈજ્ઞાનિકો અને વકીલોનો સિંહફાળો રહ્યો છે. બંધના આયોજન અને નિર્માણમાં ગુજરાતના ઈજનેરોનાં જ્ઞાન, કૌશલ્ય અને પરિશ્રમનું મોટું યોગદાન છે. કદીચ આવશ્યક જણાયું ત્યારે દેશના અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞોની સલાહ પણ સહાયભૂત નીવડે છે. અસંખ્ય ટેકનિશિયનો, કારીગરો અને શ્રમિકોએ પોતાનાં લોહીપસીનાથી બંધને સિંચ્યો છે. આજે જયારે આ સરદાર સરોવર બંધ રાષ્ટ્રને અર્પણ થાય છે ત્યારે તેના આયોજન અને નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપનાર આ સર્વેનો આભાર માની તેમના પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

દરવાજે આરામ કરે છે.

પરિષદની આ પ્રમુખપદની ચૂંટણીમાં હાલ ત્રણ ઉમેદવારો છે. (લખ્યા તારીખ. ૧૪-૯-૨૦૧૭) ખુબ જ જાણીતા કવિશ્રી શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર, પરિષદ સાથે વર્ષોથી નિષ્ઠાથી કામ કરનાર વરિષ્ઠ કવિશ્રી હરિકૃષ્ણ પાઠક અને લોકસાહિત્યકાર, સંશોધક અને ડાયસ્પોરા સાહિત્યના પ્રણેતા અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ પદ પર આરૂઢ અને પૂર્વ કુલપતિશ્રી ડૉ. બળવંત જાની. આ ત્રણેય ઉમેદવારો પોતપોતાના ક્ષેત્રોમાં માહેર છે. શ્રેષ્ઠ છે. ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે પણ થોડું નવેસરથી વિચારવા જેવું છે. હાલ દરેક મતદારોને મતપત્રક કવરમાં નાખીને પોસ્ટ દ્વારા ઘરના સરનામે મોકલવામાં આવે છે. પરંતુ આ ચારેક હજાર સભ્યોને આ રીતે પોસ્ટ દ્વારા મોકલાવાયેલા મતપત્રકોમાંથી માંડ માંડ આઠ સો, નવ સો કે કદાચ હજારેક મતદાન થઈને પરત આવતા હશે. બાકીના ત્રણેક હજારનું શું થાય છે તે કોઈ નથી જાણતું. આ સૌથી મોટો સંશોધનનો વિષય છે. કેમ કે આજકાલ પોસ્ટખાતા ઉપર સંપૂર્ણ ભરોસો રાખી શકાય એવો નથી.વળી જવાબી કવરમાં જેઓ મતદારો છે તેઓ પાંચ રૂપિયાની ટિકીટ લઈ કવર ઉપર લગાવીને પોસ્ટ ઓફિસ નાખવા કે કુરિયરવાલાને આપવા જવાની આળસ કે તેમાં થતો પચાસ કે સો રૂપિયાનો ખર્ચ પણ કવર પરત નહી આવવામાં ભાગ ભજવતો હોય છે. કારણ એવા ઘણા મતદારો છે કે જેમને સાહિત્ય કે પરિષદ સાથે કોઈ લેવાદેવા નથી. વર્ષો અગાઉ કે કોઈના કહેવાથી સભ્ય બની ગયા છે. આવા બધા મતો કાં તો આવતા નથી અથવા કોઈ તેમને ઘેર જઈને મતપત્રકો જ લઈ જઈને એ મતનો ગમે ત્યા ઉપયોગ કરી શકે છે. આ ચૂંટણી વધુ પારદર્શી બને અને વધુ ને વધુ મતદાન થાય એ માટે આ પ્રક્રિયા સંદર્ભે નવેસરથી કંઈક નક્કર વિચારવું જોઈએ.

# પ્રાંતિજના સોનાસણ ખાતે ૬૮મો વન મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે ૬૮મો વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી



હતી. જેમાં સાબર વિધાલય ખાતે આયુર્વેદિક અને ફળફાદીના વૃક્ષો સહિત પર્યાવરણને ઉપયોગી વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સોનાસણ ખાતે આવેલ સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલય ખાતે ૬૮માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, સામાજિક વનીકરણ અધિકારી સિંધી, પરિક્ષેત્ર વન અધિકારી કે.પી. પટેલ, તાલુકા પ્રમુખ દક્ષાબેન રાઠોડ, સોનાસણ સરપંચ, શાળાના આચાર્ય રજનીભાઈ સહિત શાળા સ્ટાફ ગ્રામજનો આગેવાનો વિદ્યાર્થીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. જયારે ઉપસ્થિત મહેમાનો દ્વારા વિદ્યા સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ત્યાર બાદ મહેમાનોનું સ્વાગત શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે વૃક્ષોની વાવણી કરવા પર્યાવરણને બચાવવા અને વધુને વધુ વૃક્ષો વાવવા ગ્રામજનોને આહવાન કરવામાં આવ્યું હતું. જ્યારે કે.પી. પટેલ દ્વારા પણ વૃક્ષો વાવી જતન કરવાં ઉછેરવાની સહિત માહિતી પુરી પાડી હતી.

# મોડાસાના ડુઘરવાડા ગામની સીમમાથી હત્યા કરી ફેંકી દીધેલી પરપ્રાંતીય યુવકનો મૃતદેહ મળ્યો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરને અડીને આવેલા ડુઘરવાડા ગામની સીમ નજીક આવેલી પાણીની ટાંકી પાસે યુવકનો મૃતદેહ પડ્યો હોવાની વાત વાયુવેગે ફેલાતા ગામલોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબ્જો મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવક પરપ્રાંતીય હોવાનું જાણવા મળ્યું હતુ.

મોડાસાથી ૩ કિમિ.ના અંતરે આવેલા ડુઘરવાડા ગામે શુક્રવારે સવારે ઈન્દિરાનગર નજીક આવેલી પાણીની ટાંકી નજીકથી આજે વહેલી સવારે પરપ્રાંતીય યુવકની હત્યા કરી હત્યારાઓ મૃતદેહ નાખી જતા રહેતા વહેલી સવારે નજીકમાં રહેતી અને સવારે અહીંથી પસાર થતી મહિલાઓએ કોઈનો મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિકો અને ગામ લોકોને કરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સ્થાનિકોએ પાણીની ટાંકી પાસે અજાણ્યા



શખ્સનો મૃતદેહ પડ્યો હોવાની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને કરતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે ધસી આવી પંચનામું કરી મૃતદેહનો કબ્જો મેળવી મૃતક યુવાનના ખિસ્સામાંથી મળી આવેલ આઈકાર્ડ, બે મોબાઈલ અને રોકડ રકમ મળી આવતા મૃતક હરિયાણાનો વતની હોવાનો અને રાજખાન સમસુ (રહે. ધબોલા, તા-ફીરોજપુર, જી-મેવાત) જાણવા મળ્યું હતું. મોડાસા રૂરલ પોલીસ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી ઝીણવટભરી તપાસ હાથ ધરી કયા કારણોસર મૃતકનું મોત નીપજ્યું તે દિશામાં તપાસની તજવીજ હાથ ધરી હતી. ડુઘરવાડા ગામની સીમમાં હત્યા કરી ફેંકી દીધેલો મૃતદેહ પડ્યો હોવાની ગામલોકો અને આજુબાજુ પંથકમાં વાયુ વેગે પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

પીરીયડ ઘણો લાંબો છે અને છેક નવેમ્બરમાં લોકોના હાથમાં આવશે.

નવા આઈફોનમા એની ઉંચી કિમત એક માઈનસ ફેક્ટર ચોક્કસ ગણાશે એ ઉપરાંત જે રીતની મોબાઈલ માર્કેટમાં ઉત્તેજના હતી એ પ્રમાણે કોઈ ખાસ નવા ફીચર વગરનો આઈફોન-એક્સ બજારમાં કેટલું કાઠું કાઢી શકશે એ તો સમય જ બતાવશે પણ ઈનીશીયલ રીપોર્ટસ અને સર્વે એવું બતાવે છે કે મોટાભાગના લોકોને નવા આઈફોનમાં કશું ખાસ નવું નથી લાગ્યું. હા, પ્રોસેસર અને કેમેરામાં ચોક્કસ જોરદાર ફેરફારો છે પણ આઈફોન-એક્સ ના જબરદસ્ત વેચાણ માટે એ પૂરતા નથી એવું ઘણા બધાને લાગી રહ્યું છે. બીજું કે નવા આઈફોનમા જે ઓએલઈડી સ્ક્રીન છે એનું ૮૯% માર્કેટ ઉત્પાદન સેમસંગ કરે છે અને એપલે આ સ્ક્રીન માટે સેમસંગ પર હજુ બે વર્ષ જેવું આધારિત રહેવું પડશે એટલે કદાચ બે વર્ષ પછીના આઈફોન મોડલ સસ્તા આવે એવું બને પણ ત્યાં સુધી સેમસંગનો સાથ લીધા સીવાય છૂટકો નથી. આ બધાથી મહત્વનું એ છે કે જેમ સ્ટીવ જોબ્સે ખરેખર ઈનોવેટીવ કહી શકાય એવા આઈફોન મોડલ્સ આપેલા એવા ઈનોવેશનનો સદંતર અભાવ છેલ્લા ત્રણેક આઈફોન મોડેલ્સમા સ્પષ્ટ દેખાય આવે છે. જો એપલ આવનારા સમયમાં કશું હટકે નહિ આપે તો ફક્ત બ્રાન્ડીંગ અને ગુડવિલના પ્રતાપે કેટલું આગળ જઈ શકશે એ બાબત ચોક્કસ નથી કેમકે સેમસંગ અને બીજી કંપનીઓ ટેકનોલોજી, ઈનોવેશન, ડીઝાઈન અને ખાસ તો ગ્રાહકના ખિસ્સા પ્રમાણેના મોડેલ્સ રજુ કરીને હાલ તો માર્કેટ મા મહતમ હિસ્સો કબજે કરી ચુકી છે. એપલ માટે ફ્યુચર ધારીએ છીએ એટલું સહેલું નથી જ..!

**વિસામો :** ૨૦૧૭ના બીજા ક્વાર્ટર ના અંકડાઓ મુજબ ગ્લોબલ મોબાઈલ માર્કેટમાં સેમસંગનો વેચાણ હિસ્સો ૨૩% જેટલો, એપલનો ૧૨% જેટલો જ્યારે ચાઈનીઝ કંપની હુવેઈનો ૧૧% જેટલો રહેલો, મતલબ એપલને સેમસંગ સિવાય આ હુવેઈથી પણ જોર કા ઝટકા લાગી શકે છે...!